# Prime Minister Addresses the virtual Global Vaccine Summit 2020

June 04, 2020

## વડાપ્રધાન વર્ચ્યુઅલ વૈશ્વિક વેક્સિન શિખર સંમેલન 2020 માં સંબોધન કરે છે

જૂન 04, 2020

આજે ભારતે આંતરરાષ્ટ્રિય વેક્સિન એલાયન્સ ગાવિ (GAVI) ને 15 મિલિયન યુએસ ડોલર આપવાની પણ ઘોષણા કરી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી યુકેનાં વજાપ્રધાન બોરિસ જોન્સન દ્વારા યોજવામાં આવેલા વર્ચ્યુઅલ વેક્સિન શિખર સંમેલનને સંબોધી રહ્યા હતા જેમાં 50 થી વધારે દેશો – વ્યાપાર અગ્રણીઓ, સંયુક્ત રાષ્ટ્ર એજન્સીઓ, સામાજીક સંગઠનો, સરકારનાં મંત્રીઓ, રાજ્યનાં વડાઓ અને દેશનાં નેતાઓએ ભાગ લીધો હતો.

પોતાનાં સંબોધનમાં વડાપ્રધાને કહ્યું હતું કે આ પડકારજનક સમયમાં ભારત વિશ્વ સાથે એકતાથી ઉભો છે.

શ્રી મોદીએ કહ્યું હતું કે, ભારતની સભ્યતા વિશ્વને એક કુટુંબ તરીકે જુએ છે અને આ મહામારી દરમિયાન તેણે આ કેળવણી પર ખરા ઉતરવા સુધી જીવવાનો પ્રયાસ કર્યો હતો. તેણે કહ્યું હતું કે ભારતે તેની પોતાની વિશાળ વસ્તીનું રક્ષણ કરવા ઉપરાંત 120 કરતા વધારે દેશો સાથે દેશમાં ઉપલબ્ધ દવાઓનાં સ્ટોકને શેર કરીને, પોતાનાં નજીકનાં પાડોશીઓમાં સામાન્ય પ્રતિભાવ વ્યૂહરચના ઘડીને અને માંગણી કરી હતી તેવા દેશોને અમુક ચોક્કસ સહાયતા પ્રદાન કરીને ભારતે તેમ કર્યું હતું.

વડાપ્રધાને કહ્યું હતું કે અમુક રીતે કોવિડ-19 મહામારીએ વૈશ્વિક સહકારની મર્યાદાઓ ખુલ્લી પાડી છે અને તાજેતરનાં ઇતિહાસમાં પ્રથમ વખત, મનુષ્ય જાત એક સ્પષ્ટ સામાન્ય શત્રુનો સામનો કરી રહી છે.

ગાવિ (GAVI) નો સંદર્ભ લેતા, તેણે કહ્યું હતું કે તે માત્ર એક વૈશ્વિક એલાયન્સ જ નથી પરંતુ વૈશ્વિક એકતાનું પ્રતિક પણ છે અને અન્યોને મદદ કરીને આપણે પોતાની જાતની પણ મદદ કરીએ છીએ તે યાદ અપાવનાર છે.

તેણે કહ્યું હતું કે ભારત વિશાળ વસ્તી ધરાવે છે અને મર્યાદિત આરોગ્ય સુવિધાઓ ધરાવે છે અને તે રોગપ્રતિકારકતાનું મહત્વ સમજે છે.

વડાપ્રધાને કહ્યું હતું કે આ સરકાર દ્વારા લોન્ચ કરેલા સૌપ્રથમ પ્રોગ્રામો પૈકીનો એક મિશન ઇન્દ્રધનુષ હતો, જેનો ધ્યેય વિશાળ રાષ્ટ્રનાં દૂરોગામી ભાગોમાં સહિત દેશનાં બાળકો અને સગર્ભા સ્ત્રીઓનાં સંપૂર્ણ રસીકરણને સુનિશ્ચિત કરવાનો છે.

તેણે કહ્યું હતું કે સુરક્ષા વ્યાપક બનાવવા, ભારતે તેનાં રાષ્ટ્રિય રોગપ્રતિકારકતા કાર્યક્રમમાં છ નવી રસીઓ ઉમેરી છે.

વડાપ્રધાને વિગતવાર જણાવ્યું હતું કે ભારતે તેની સમગ્ર રસી પૂરવઠા રેખા ડિટીટલ બનાવી છે અને તેની શૃંખલાની અખંડિતતા પર દેખરેખ રાખવા ઈલેક્ટ્રોનિક વેક્સિન ઈન્ટેલિજન્સ નેટવર્ક વિકસાવ્યું છે.

તેણે કહ્યું હતું કે, આ નવીનીકરણો છેલ્લા માઈલ સુધી યોગ્ય સમય પર યોગ્ય જથ્થામાં સુરક્ષિત અને સક્ષમ રસીઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરે છે.

વડાપ્રધાને કહ્યું હતું કે ભારત પણ વિશ્વનાં અગ્રિમ રસીનાં ઉત્પાદકો પૈકી છે અને વિશ્વનાં આશરે 60 ટકા બાળકોની રોગપ્રતિકારકતામાં યોગદાન આપવું એક સદભાગ્ય છે.

શ્રી મોદીએ કહ્યું હતું કે ભારત ગાવિ (GAVI) ની યોગ્ય ઓળખ કરે છે અને મૂલ્ય સમજે છે, તે કારણે જ ગાવિ (GAVI) સહાયતા માટે લાયક હોવા દરમિયાન પણ ગાવિ (GAVI) માટે દાતા બન્યો છે.

વડાપ્રધાને કહ્યું હતું કે ગાવિ (GAVI) ને ભારતની સહાય માત્ર નાણાકીય જ નથી પરંતુ ભારતની મોટી માંગ બધા માટે રસીઓનાં વૈશ્વિક ભાવમાં પણ ઘટાડો કરે છે, જેનાંથી પાછલા પાંચ વર્ષોમાં ગાવિ (GAVI) માટે લગભગ 400 મિલિયન ડોલર બચ્યા છે.

વડાપ્રધાને પુનઃઉચ્ચારણ કર્યું હતું કે ભારત તેની ગુણવત્તાયુક્ત દવાઓ અને રસીઓ ઓછા ખર્ચે ઉત્પાદન કરવાની સાબિત થયેલી ક્ષમતા, ખુબ જ ઝડપથી વિસ્તરી રહેલા રસીકરણમાં તેનાં પોતાનાં સ્થાનિક અનુભવ અને તેની નોંધપાત્ર વૈજ્ઞાનિક સંશોધન પ્રતિભા સાથે વિશ્વ સાથે એકતામાં ઉભો છે.

તેણે કહ્યું હતું કે, ભારત વૈશ્વિક આરોગ્યનાં પ્રયાસોમાં યોગદાન આપવાની ક્ષમતા ધરાવે છે તેટલું જ નહીં, પરંતુ વહેંચવાની અને સંભાળ લેવાની ભાવના તેમ કરવાની ઈચ્છાશક્તિ પણ ધરાવે છે.

**નવી દિલ્હી**
**જૂન 04, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.